# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 23-11-2024** **Evening : 7.10 to 7.20**
**Day : Saturday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **મિત્તલ પટેલ** વાંચે છે.

---

- વાવ વિધાનસભા બેઠકની પેટાચૂંટણીમાં ભાજપના ઉમેદવાર સ્વરૂપજી ઠાકોરનો બે હજાર 442 મતથી વિજય થયો.
- ભાજપ પ્રદેશ અધ્યક્ષ સી.આર. પાટીલે વિકાસની જીત ગણાવી તો કોંગ્રેસ પ્રદેશ અધ્યક્ષ શક્તિસિંહ ગોહિલે નજીવા મતોથી હારનો રંજ હોવાનું જણાવ્યું..
- પ્રસાર ભારતીના ચેરમેન નવનીત સેહગલે કહ્યું છે કે, સરકારની જનકલ્યાણકારી યોજનાઓ જન જન સુધી પહોંચાડવામાં મીડિયાની ભૂમિકા ખૂબ જ અગત્યની છે...
- મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું છે કે, રાજ્યમાં જનહિતલક્ષી યોજનાઓના અસરકારક અમલ માટે કૃત્રિમ બુધ્ધિમત્તાનો ઉપયોગ કરવા ટાસ્ક ફોર્સની રચના કરાશે.
- રાજકોટમાં આવતીકાલથી રાષ્ટ્રીય કક્ષાની તરણ સ્પર્ધાનો પ્રારંભ થશે.

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# VAAV BY ELECTION

વાવ વિધાનસભા બેઠકની પેટાચૂંટણીમાં ભાજપના ઉમેદવાર સ્વરૂપજી ઠાકોરનો બે હજાર 442 મતથી વિજય થયો છે. સ્વરૂપજી ઠાકોરને 92 હજાર 176 અને કોંગ્રેસના ગુલાબસિંહ રાજપૂતને 89 હજાર 734 અને ભાજપના બળવાખોર અપક્ષ ઉમેદવાર માવજી પટેલે 27 હજાર 195 મત મળ્યા હતા.

13મી નવેમ્બરે મતદાન થયા બાદ સૌની નજર આજના પરિણામ પર મંડાયેલી હતી. આજે પાલનપુરની જગાણા સ્થિત સરકારી ઇજનેર કોલેજ ખાતે મતગણતરી હાથ ધરાઇ હતી, જેમાં 20 રાઉન્ડ સુધી આગળ રહેલા કોંગ્રેસના ગુલાબસિંહ રાજપૂતને પછાડીને છેલ્લા ત્રણ રાઉન્ડમાં લીડ કાપીને ભાજપના સ્વરૂપજી ઠાકોરે જીત મેળવી હતી. વાવ વિધાનસભા બેઠક ભાજપે કોંગ્રેસ પાસેથી આંચકી લીધી છે. ગુજરાત વિધાનસભામાં ભાજપનું સંખ્યાબળ વધીને 162 થયું છે.

વાવમાં ભાજપની જીતની ઉજવણી થઇ રહી છે. વાવ બેઠક પર ભાજપની જીત થતાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે એક ટ્વીટ સંદેશમાં ભાજપની જીત બદલ સ્વરૂપજી ઠાકોરને અભિનંદન પાઠવ્યા છે. મુખ્યમંત્રીએ તમામ કર્મઠ કાર્યકર્તાઓ અને ભાજપના વિકાસની રાજનિતી પર વિશ્વાસની મહોર મારવા બદલ નાગરિકોનો આભાર માન્યો છે. ભાજપના સ્વરૂપજી ઠાકોરે મતદારોનો આભાર માન્યો હતો.

## (બાઇટ- સ્વરૂપજી ઠાકોર)

કોંગ્રેસના ઉમેદવાર ગુલાબસિંહ રાજપૂતે લોકોના ચુકાદાનો સ્વીકાર કર્યો છે.

## (બાઇટ- ગુલાબસિંહ રાજપૂત)

અત્રે ઉલ્લેખનીય છે કે, બનાસકાંઠા લોકસભા બેઠક ઉપર કોંગ્રેસના ગેનીબેન ઠાકોર વિજયી થતાં વાવ વિધાનસભા બેઠક પરથી રાજીનામું આપતાં આ બેઠક પર પેટાચૂંટણી યોજાઇ હતી.

# BJP/ CONG. VAAV ELE. RECATION

ભાજપ પ્રદેશ અધ્યક્ષ અને કેન્દ્રીય મંત્રી સી.આર. પાટીલે મહારાષ્ટ્રમાં અને વાવ વિધાનસભાની પેટા ચૂંટણીમાં ભાજપની જીત થતાં સૌ કાર્યકર્તા અને મતદારોનો આભાર માન્યો છે.

## (બાઇટ- સી.આર. પાટીલ)

કોંગ્રેસના પ્રદેશ અધ્યક્ષ શક્તિસિંહ ગોહિલે વાવ બેઠકની ચૂંટણીના પરિણામો પર પ્રતિક્રિયા આપતાં કહ્યું કે, દરેક રાઉન્ડમાં સતત લીડ મેળવ્યા બાદ છેલ્લા ત્રણ રાઉન્ડમાં નુકસાન બાદ નજીવા મતોથી કોંગ્રેસના ઉમેદવારની હારનો રંજ છે.

## (બાઇટ- શક્તિસિંહ ગોહિલ)

# PRASAR BHARTI CHAIRMEN

પ્રસાર ભારતીના ચેરમેન નવનીત સેહગલે કહ્યું છે કે, સરકારની જનકલ્યાણકારી યોજનાઓ જન જન સુધી પહોંચાડવામાં મીડિયાની ભૂમિકા ખૂબ જ અગત્યની છે... સોમનાથમાં ચિંતન શિબિરના અંતિમ દિવસે નવનીત સેહગલે સહભાગીઓને મીડિયાની કાર્યશૈલી અંગે ઉપયોગી માર્ગદર્શન આપ્યું હતું.

શ્રી સેહગલે જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર દ્વારા થતી સકારાત્મક પ્રવૃત્તિઓ અને જનકલ્યાણકારી યોજનાઓને છેવાડાના માનવી સુધી પહોંચાડવા માટે પ્રિન્ટ, ઈલેક્ટ્રોનિક તેમજ સોશિયલ મીડિયાની ભૂમિકા ખૂબ અગત્યની છે.

કેન્દ્ર સરકારનાં Mygov પ્લેટફોર્મના ડિરેક્ટર ઉપેન્દ્ર ઉપાધ્યાયે પણ સહભાગીઓને સોશિયલ મીડિયાના વિવિધ અને યોગ્ય પ્લેટફોર્મ દ્વારા સરકારની જન કલ્યાણકારી નીતિઓ અને યોજનાઓને સામાન્ય માણસ સુધી પહોંચાડવા અંગેનું માર્ગદર્શન પાવર પોઇન્ટ આપ્યું હતું.

## CM CHINTAN SHIBIR

રાજ્ય સરકારે ટેકનોલોજીના વ્યાપક ઉપયોગથી વહીવટી સુધારણા અને જનહિતકારી યોજનાઓના અમલમાં વધુ ગતિ લાવવા AI ટાસ્ક ફોર્સ- કૃત્રિમ બુધ્ધિમત્તા આધારિત કાર્યદળની રચના કરવાનો નિર્ણય લીધો છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે તીર્થધામ સોમનાથ ખાતે યોજાયેલી ચિંતન શિબિરના સમાપન સત્રને સંબોધતા આ મુજબ જણાવ્યું હતું.. તેમણે ચિંતન શિબિરના કાયમી લોગોનું ડિજિટલ અનાવરણ પણ કર્યું હતું. તેમણે સરકારના અધિકારીઓને જન ફરિયાદ નિવારણના ક્ષેત્રમાં AIનો ઉપયોગ સઘન બનાવવા અનુરોધ કર્યો હતો. શ્રી ભૂપેન્દ્ર પટેલે સકારાત્મક અભિગમ અપનાવવા અને સોશિયલ મીડિયાના માધ્યમથી સાચી વાતો લોકો સુધી પહોંચાડવા તત્પર રહેવા અપીલ કરી હતી.

આ ત્રિ-દિવસીય ચિંતન શિબિરમાં રોજગારીની તકો ઊભી કરવી, ગ્રામીણ  વિસ્તારોની આવકમાં વધારો કરવા સહિત મહત્વપૂર્ણ મુદ્દાઓ પર સર્વગ્રાહી ચિંતન કરવામાં આવ્યું હતું. આ શિબિરમાં સારા વહીવટ માટે કરાયેલી ભલામણોને જિલ્લા સ્તરે ઝડપથી અમલમાં મુકવાનો મુખ્યમંત્રીએ નિર્દેશ આપ્યો હતો.

## SOU- USA DELIGETION

અમેરિકાના સંરક્ષણ વિભાગના એકાઉન્ટિંગ એજન્સી (DPAA)ના પ્રતિનિધિ મંડળે કેવડીયા ખાતે એકતાનગરની મુલાકાત લીધી હતી. પ્રતિનિધિમંડળના કેવિન ડાલ્ટન, ડૉ. વિલિયમ બેલ્ચર અને લેફ્ટનન્ટ કર્નલ એરોન થોમસે  સ્ટેચ્યુ ઓફ યુનિટી, જંગલ સફારી, આરોગ્ય વન, મિયાવાકી વન સહિત આસપાસના વિવિધ પ્રકલ્પોની મુલાકાત લીધી હતી.

આ મુલાકાત દરમિયાન તેઓએ સ્ટેચ્યુ ઓફ યુનિટીના નિર્માણ કાર્ય અને વિશેષતા અંગે માહિતી મેળવી હતી તેમજ  સરદાર સરોવર નર્મદા બંધની મુલાકાત લઇ બંધનો ઇતિહાસ અને તેમાં સંગ્રહિત જળરાશિના ઉપયોગ અંગે પણ માહિતી મેળવી હતી.

# GOVERNER- HAIDARABAD

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે આજે હૈદરાબાદ પાસે 'હાર્ટફુલનેસ' ધ્યાન કેન્દ્રના મુખ્યાલય અને વિશ્વના સૌથી મોટા ધ્યાન કેન્દ્ર - કાન્હા શાંતિવનમ્ ની મુલાકાત લીધી હતી. હાર્ટફુલનેસ અભિયાનના 160 દેશોમાં પાંચ હજારથી વધુ કેન્દ્રો છે.

રાજ્યપાલે હાર્ટફૂલનેસના માર્ગદર્શક અને શ્રીરામચંદ્ર મિશનના અધ્યક્ષ દાજીના દ્રષ્ટિકોણની પ્રશંસા કરી હતી. દાજીએ રાજ્યપાલના પ્રાકૃતિક ખેતી વિષયક જ્ઞાન અને ખેડૂતોને પ્રાકૃતિક ખેતીની તાલીમ આપવા માટેના પ્રયત્નોને બિરદાવ્યા હતા.

દાજીએ જણાવ્યું કે, રાજ્યપાલ આચાર્ય દેવવ્રત સાથે કૃષિ અને શિક્ષણની પ્રાચીન અને આધુનિક તકનિકોના સંમિશ્રણ પર ચર્ચા કરતાં અમને ગર્વની અનુભૂતિ થઈ.

# PM MAN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે સવારે 11 વાગ્યે આકાશવાણી પરથી પ્રસારિત થનાર મન કી બાત કાર્યક્રમમાં વિવિધ વિષયો પર પોતાના વિચારો રજૂ કરશે. હિન્દીમાં મન કી બાતના પ્રસારણ બાદ ગુજરાતીમાં તેનો ભાવાનુવાદ પ્રસારિત કરાશે.

આવતીકાલે રાત્રે આઠ વાગે રાજ્યના તમામ આકાશવાણી કેન્દ્રો પરથી મન કી બાત કાર્યક્રમના ગુજરાતી ભાવાનુવાદનું પુનઃ પ્રસારણ કરાશે.

આ કાર્યક્રમ આકાશવાણીના તમામ નેટવર્ક, AIR ન્યૂઝ વેબસાઇટ અને ન્યૂઝ ઑન AIR મોબાઇલ એપ પર પ્રસારિત કરાશે.

આકાશવાણી સમાચાર, દૂરદર્શન સમાચાર, પ્રધાનમંત્રી કાર્યાલય તેમજ માહિતી અને પ્રસારણ મંત્રાલયના યુ-ટ્યૂબ ચેનલ પરથી પણ મન કી બાત કાર્યક્રમનું જીવંત પ્રસારણ કરાશે.

# Rajkot swimming comp

રાજકોટના સરદાર પટેલ સ્નાનાગર ખાતે આવતીકાલથી રાષ્ટ્રીય કક્ષાની તરણ સ્પર્ધાનો પ્રારંભ થશે. જેમાં ૩૫૦૦ જેટલા સ્પર્ધકો ભાગ લેશે.

રાજકોટ ખાતે સ્કૂલ ગેમ ફેડરેશન ઓફ ઇન્ડિયા, સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત અને સ્વિમિંગ એસોસિએશન દ્વારા આયોજિત રાષ્ટ્રીય કક્ષાની અખિલ ભારતીય શાળાકીય સ્વીમીંગ સ્પર્ધામાં ૧૪, ૧૭ અને ૧૯ વર્ષથી ઓછી વયની કેટેગરીમાં શાળા, કોલેજના વિદ્યાર્થીઓ સ્વિમિંગ તેમજ ડાઈવીંગની સ્પર્ધામાં ભાગ લેશે.

રાષ્ટ્રીય કક્ષાની તરણ સ્પર્ધામાં જુદી- જુદી ૧૭ ઇવેન્ટનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં દેશ ભરમાંથી ૪૫ યુનિટના ૩૫૦૦ જેટલા સ્પર્ધકોનું રાજકોટ ખાતે આવી પહોંચ્યા છે.. આ સ્પર્ધામાં વિજેતા સ્પર્ધકોને આંતરરાષ્ટ્રીય સ્તરે શાળાકીય રમતમાં ભાગ લેવાની તેમજ વિવિધ એકેડમીમાં જોડાવાની પ્રાથમિકતા મળે છે.

## Australia vs India, 1st Test at Perth

રાજ્યના જસપ્રીત બુમરાહે ઓસ્ટ્રેલિયાની પાંચ વિકેટો ઝડપીને પર્થમાં રમાઇ રહેલી પહેલી ક્રિકેટ ટેસ્ટ મેચમાં ભારતને પહેલી ઇનિંગમાં સરસાઇ મેળવવામાં મહત્વની ભૂમિકા ભજવી છે. ભારતે પહેલી ઇનિંગમાં ઓસ્ટ્રેલિયાને 104 રને ઓલઆઉટ કરતાં 46 રનની સરસાઈ મેળવી હતી. આજે બીજા દિવસની રમત બંધ રહી ત્યારે ભારતે બીજી ઇનિંગમાં વિના વિકેટે 172 રન નોંધાવ્યા છે.

ઓસ્ટ્રેલિયાએ મિચેલ સ્ટાર્કના 26 અને એલેક્સ કેરીના 21 રનની મદદથી પહેલી ઇનિંગમાં 104 રન નોંધાવ્યા હતા. ભારત તરફથી જસપ્રિત બુમરાહે પાંચ, હર્ષિત રાણાએ ૩ અને મોહમ્મદ સિરાજે બે વિકેટો ઝડપી છે. આજે બીજા દિવસની રમત બંધ રહી ત્યારે ભારતે યશસ્વી જયસ્વાલના 90 અને કે.એલ. રાહુલના 62 રનની મદદથી વિના વિકેટે 172 રન નોંધાવ્યા છે.

## MEHSANA- GOLD MEDAL

મહેસાણાના દિવ્યાંગ ખેલાડી પ્રકાશ વાઘેલાએ આંતરરાષ્ટ્રીય સ્પેશિયલ ઓલમ્પિક એશિયા પેસિફિક પ્રાદેશિક રમતોમાં બોલીગ રમતમાં સુવર્ણ ચંદ્રક મેળવ્યો છે. દિલ્હી ખાતે યોજાયેલી આ સ્પર્ધામાં કુલ 12 દેશોના 135 દિવ્યાંગ ખેલાડીઓ ભાગ લીધો હતો. આ રમતોત્સવમાં

બોલીગ રમતનો પ્રથમ વખત સમાવેશ કરાયો છે. પ્રકાશ વાઘેલા ટેબલ ટેનિસમાં પણ રજત ચંદ્રક મેળવી ચુક્યા છે.

# GOA FILM FESTIVAL

ગોવામાં ચાલી રહેલા ફિલ્મ ફેસ્ટિવલમાં આજે ગુજરાતી ફિલ્મ 'કારખાનું' નું સ્ક્રિનિંગ કરવામાં આવ્યું હતું. સૌરાષ્ટ્રની લોક-વાર્તાને સાંકળીને નવી ટેક્નોલોજી સાથે બનાવાયેલી આ ફિલ્મ છે. ૩ વર્ષ બાદ આ નામાંકિત ફિલ્મોત્સવમાં કોઈ ગુજરાતી ફિલ્મ રજૂ થઈ છે. આ ફિલ્મનું દિગ્દર્શન ઋષભ થાનકી દ્વારા કરવામાં આવ્યું છે. ફિલ્મની વાર્તા પાર્થ મધુકૃષ્ણ, ઋષભ થાનકી અને પૂજન પરીખે લખી છે. ફિલ્મમાં અર્ચન ત્રિવેદી, મકરંદ શુક્લ, રાજુ બારોટ, કાજલ ઓઝા વૈધ જેવા કલાકારોએ અભિનય કર્યો છે.